આજનું પંચાંગ

ઉદિત તિથિ	:	કૃષ્ણ પક્ષ ત્રયોદશી સવારે ૦૮:૩૩ સુધી, ત્યાર પછી ચતુર્દશી તારીખ ૧૬ ઑક્ટોબરની સવાર ૪:૫૨ સુધી
વાર	:	ગુરુ
નક્ષત્ર	:	ઉત્તરાફાલ્ગુની સાંજે ૦૫:૫૮ સુધી, ત્યાર બાદ હસ્ત
કરણ	:	વણિજ સવારે ૮:૩૩ સુધી, ત્યાર બાદ વિષ્ટિ કરણ સાંજે ૬:૪૫ સુધી, ત્યાર પછી ૧૬ ઑક્ટોબર સવારે ૪:૫૨ પછી ચતુષ્પદ
યોગ	:	સવારે ૧૦:૨૧ સુધી બ્રહ્મા, ત્યાર બાદ ૧૬ ઑક્ટોબર સવારે ૬:૦૮ સુધી ઇન્દ્ર અને ત્યાર બાદ વૈધૃતિ
આજની રાશિ	:	કન્યા

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : આજે આપ વિસ્તારપૂર્વક વિચારી અને કામ કરશો. જૉબમાં કલીગ્સની સાથે સારું બનશે. જો બિઝનેસ કરતાં હશો તો સમજી વિચારીને નિર્ણયો લેશો. કસરત શરુ કરવા માટે અથવા યોગાભ્યાસ શરુ કરવા માટે યોગ્ય દિવસ. હેલ્થ કૉન્શિયસ બનશો, તો સારું રહેશેકસરત શરુ કરવા માટે અથવા યોગાભ્યાસ શરુ કરવા માટે યોગ્ય દિવસ. હેલ્થ કૉન્શિયસ બનશો, તો સારું રહેશે

વૃષભ : જૉબ કરતાં હોવ કે બિઝનેસ, આજનો દિવસ આપના માટે સારો રહેશે. વિદ્યાર્થીઓ માટે સારો દિવસ, અભ્યાસમાં ચિત્ત રહેશે. કોઈને પ્રપોઝ કરવા માટે પણ સારો દિવસ. નાણાંકીય લાભ થાય, પુણ્યનાં કામો થાય, નિસ્વાર્થ સેવા થાય.

મિથુન : આજે આપનો કામ પ્રત્યેનો અભિગમ એકદમ પ્રૅક્ટિકલ રહેશે. આપ સમયસર અને ઝડપથી કામ પતાવવા કોશિશ કરશો. જરૂર પડે તો બીજાની મદદ લઈને પણ આપ કામ સુપેરે પૂરું કરશો. ઘરની જવાબદારીઓ પ્રત્યે સભાન બનશો. કુટુંબીજનો સાથે સારો વાર્તાલાપ થાય.

કર્ક : આજના દિવસે આપ લાગણીથી નહીં પણ તર્કથી વિચારશો. વ્યવહારિક રીતે વિચારીને અનુસરવાથી લાભ રહેશે. ટૂંકા અંતરની મુસાફરીની વાત થાય અથવા એનું આયોજન કરવાનું આપ પોતે વિચારશો. અત્યારે આપણી વ્યવહારદક્ષતા ચરમસીમાએ હોવાથી, વ્યવહારિક કામો પતાવવા માટે યોગ્ય દિવસ છે.

સિંહ : વધુ ધન કેમ કમાઈ શકાય, તે અંગે આપ આયોજન કરશો. આજનો દિવસ ફાઇનાન્શિયલ પ્લાનિંગ માટે સારો હોવાથી, બૅંકને લાગતાં કામો, લોન સંબંધિત કામો વિગેરે પૂરાં કરાય. કુટુંબીજનો સાથે નાહક દલીલમાં ઉતારશો નહીં. આજનો દિવસ, આપ વાણીને કેવી રીતે ઉપયોગમાં લો છે, તે ઉપર આધારિત રહેશે.

કન્યા : આજના દિવસે આપ બધું જ સમયસર કરવા ઇચ્છશો. વધુ પડતો સમય બરબાદ ન થાય તે પણ જોશો. વૈચારિક રીતે આપ વધુ ઍક્ટિવ હોવાથી, કોઈની આલોચના કરી બેસશો. કોઈને પણ ક્રિટિસાઈઝ કરવાથી સંબંધો બગાડવાની પૂરી શક્યતાઓ રહેશે. 'ન બોલ્યામાં નવ ગુણ' કહેવત યાદ રાખજો.

તુલા : આજે જીવનનાં અમુક પાસાંઓ અસંતુલિત છે, એવું આપને લાગશે. એમ હોવાથી, આપ વ્યથિત રહેશો સંતુલન એ માત્ર બાહ્ય વસ્તુ નથી, આંતરિક પણ છે. ધ્યાન ધરીને જાતને સંતુલનમાં રાખી શકાય છે ઠંડકથી દરેક આયામ અંગે વિચારશો તો આજે દરેક સમસ્યાનું સમાધાન મળશે

વૃશ્ચિક : ભૂતકાળમાં કોઈને માટે નિસ્વાર્થ ભાવે કશુંક કર્યું હશે તો એનું વળતર આજે મળશે. આપ લાગણીશીલ છો પણ બહુ લાગણી દેખાડતાં નથી. આજે મિત્રો પરત્વે લાગણી બતાવશો અને તેમની સાથે સારી વાતો કરશો અથવા સારો સમય પસાર કરશો. પરિવારના સભ્યો સાથે પણ આપનું વલણ, મિત્રાચારીભર્યું રહેશે.

ધન : આજે આપની નજર માત્ર ટારગેટ ઉપર રહેશે. આપે નક્કી કરેલાં કામો પૂરા કરવા માટે કટિબદ્ધ થશો. ફાલતુ સમય વેડફ્યા વિના, આપ આજે કામ એવી રીતે પૂરાં કરશો કે કોઈ પ્રકારની અધૂરપ ન રહે અને સંતોષની લાગણી પણ થાય. સ્વજનો માટે સમય ફાળવશો. પ્રિય પાત્ર સાથે મુલાકાત અને સારા સંવાદ થવાના યોગ છે.

મકર : બિઝનેસ હોય કે જૉબ, આજે આપ 'વૉટ નેક્સ્ટ?' એવું પૂછવાના મૂડમાં હશો. એનો અર્થ એમ કે આપ ફટાફટ પોતાનું કામ પતાવી દેશો. આજે ક્રિએટિવિટી કે ડીટેઈલિંગમાં પાડવાની બદલે, આપનો અભિગમ પ્રેક્ટિકલ રહેશે કે 'કામ પૂરું થવું જ જોઈએ'. નવી નોકરીનો ઇન્ટરવ્યુ આપવા માટે આજનો દિવસ ખરેખર સારો છે. આવેલી તક ઝડપી જ લેજો.

કુંભ : આજે આપ સારા મૂડમાં રહેવા પ્રયત્ન કરશો પણ કાં તો તબિયત સાથ નહીં આપે, અથવા સંજોગો વિપરિત થઈ જશે. બને તો સાસરી પક્ષ સાથે કે તે અંગે સંવાદો ટાળજો, એમાં ગેરસમજ થવાની સંભાવનાઓ બહુ જ વધારે છે. બિઝનેસ અંગે થોડી ચિંતા રહેશે. જૉબ કરતાં હોવ તો સીક લિવ લેવાની ઈચ્છા થશે. મનગમતી વ્યક્તિ સાથેની મુલાકાત, દિવસને સુધારી શકે છે.

મીન : જીવનમાં બહુ હાયવોય કરવી નહીં, એવું આપ સમજશો. આજે આપ બીજા લોકોની સાથે 'ટીમ' તરીકે સારું કામ કરી શકશો. આપના મૂડ સવિંગ્સ પણ કંટ્રોલમાં રહેશે. આપ એ બાબત સમજી જશો કે 'કોઈનું લક્ષ તમારી બાજુ ખેંચવા માટે, પહેલાં એની તરફ ધ્યાન આપવું પડે. આજે આપ રોમેન્ટિક મૂડમાં રહેવાના છો.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૭૫ કેસ

૨૪ કલાકમાં ૧૪૧૪ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૧૬૫૬૭૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૩૬૫૪૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૧૪

રાજ્યમાં ૧૪મી ઑક્ટોબરે કોરોના વાયરસના ૧૧૭૫ નવા કેસ પોઝિટિવ નોંધાયા છે, જ્યારે ૧૪૧૪ દર્દીઓ સાજા થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કોરોના વાયરસના ૧૧ દર્દીનાં મોત થયા છે. દરમિયાન રાજ્યમાં પોઝિટિવ કેસનો આંકડો ને ૧,૫૫,૦૯૮ એ પહોંચી ગયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં સુરતમાં ૨૫૨, અમદાવાદમાં ૧૮૨, વડોદરામાં ૧૧૭, રાજકોટમાં ૧૦૫, જામનગરમાં ૮૫, મહેસાણામાં ૩૭, કચ્છમાં ૨૦, પંચમહાલમાં ૧૯, અમરેલીમાં ૨૮, બનાસકાંઠા ૧૧, સાબરકાંઠામાં ૧૯ , મોરબીમાં ૧૪, ભરૂચમાં ૨૫ સુરેન્દ્રનગરમાં ૧૨૩ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં ૪૬, જૂનાગઢમાં ૪૧, પાટણમાં ૨૩, ગીરસોમનાથમાં ૧૮, નર્મદામાં ૫, ભાવનગરમાં ૨૦, દાહોદમાં ૧૦, આણંદ ૧૨, બોટાદમાં ૨, ખેડામાં ૬, દેવભૂમિ દ્વારકામાં ૧૧, છોટાઉદેપુર ૪, મહીસાગરમાં ૮, નવસારીમાં ૧૦, અરવલ્લી ૬, તાપીમાં ૭, વલસાડમાં ૩ મળીને કુલ ૧૧૭૫ કેસ નોંધાયા છે. રાજ્યમાં સરકારી ચોપડે એક્ટિવ કેસની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. કુલ ૧૪૯૫૯ દર્દીઓ એક્ટિવ છે, આ પૈકીના ૭૯ દર્દીઓ વેન્ટીલેટર પર છે જ્યારે ૧૪૪૮૦ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાંથી અત્યારસુધીમાં ૧,૩૬,૫૪૧ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે જ્યારે અત્યારસુધીમાં સરકારી ચોપડે ૩૫૮૯ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. દરમિયાન રાજ્યમાં આજે ૫૦,૯૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તી જ્યારે રાજ્યનો રિકવરી દર ૮૮.૦૪ ટકાએ પહોચ્યો હતો. રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સાથે સાથે ટેસ્ટની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. દરમિયાન આ બધાની વચ્ચે આજે રાજ્યમાં અમદાવાદમાં ૪, સુરતમાં ૩, વડોદરામાં ૧ અને ગાંધીનગરમાં ૧, પાટણ-રાજકોટમાં ૧-૧ મળીને કુલ ૧૧ દર્દીના સરકારી ચોપડે નિધન થયા છે. જ્યારે આજે સૌથી વધુ દર્દીઓ સુરત કોર્પોરેશનમાં ૧૮૨ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. આમ સુરતમાં દર્દીઓ ઘટ્યા છે અને ડિસ્ચાર્જ વધ્યા છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીની ગ્રામ્ય કચેરીમાં લાલિયાવાડી સામે વ્યાપક ફરિયાદો

ઉંઝા, તા. ૧૪

ઉંઝા ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ની ગ્રામ્ય કચેરીમાં અધિકારીઓની ઘોર બેદરકારીના કારણે વહિવટમાં લાલીયાવાડી ચાલી રહી હોવાની લોક ફરિયાદ ઉઠી છે. રાજ્ય સરકારના ખતપત્ર મુજબ વિવિધ સરકારી ખાતા, વિભાગોમાં જે તે પ્રજાકીય કામગીરીઓ માટે ચોક્કસ લઘુત્તમ સમય મર્યાદા નક્કી કરેલ છે. તેમ છતાં વીજતંત્રની ઉંઝા રૂરલ કચેરીમાં સરકારના આ ખતપત્રની ઐસી કી તૈસી કરીને મનસ્વી વહિવટ ચાલી રહ્યો હોય તેમ છેલ્લા એક વર્ષથી કચેરીમાં પેન્ડિંગ અરજીનો અરજદારને કોઈ જવાબ આપવામાં આવ્યો નથી કે અરજીમાં કરેલ રજૂઆત અંગે તંત્ર તરફથી કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી.

કહે છે કે આ કચેરીમાં કેટલાક ખાઈ બદેલા નિવૃત્ત કર્મચારીઓનુ એક ચક્રી શાસન ચાલે છે. કેટલાક નિવૃત્ત કર્મચારી બીજાના નામે કોન્ટ્રાક્ટ લઈને લોકોની અરજીઓ, ફરિયાદો સંદર્ભે મનસ્વી રીતે વર્તતા હોય છે. જેમાં કચેરીના જવાબદાર અધિકારીઓની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતા છતી થાય છે.

આ કચેરીમાં સરકારી સમયમર્યાદા પ્રમાણે અરજદારોના કામ થતા ન હોઈ અસહ્ય વિલંબ થવાથી અરજદારોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

ધનસુરા પોલીસે બોરવાઈ ગામ નજીક એક્ટિવા પર બિયરની ખેપ મારતા યુવકને દબોચ્યો

થેલામાં બિયર ટીન ભરી ગ્રામ્ય વિસ્તારમાં ફરતો હતો

ધનસુરા, તા. ૧૪

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પગલે વિદેશી દારૂ અને બિયર ટીનના ભાવના ભાવ ત્રણથી ચાર ગણા ઉપજતા હોવાથી બુટલેગરો ગેરકાયદેસર દારૂની હેરાફેરી અને વેચાણ મોટા પ્રમાણમાં કરી રૂપિયામાં આળોટી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં સહેલાઈથી રૂપિયા કમાઈ લેવા અનેક યુવકો નાના-મોટા બુટલેગર બની બેઠ્યાં છે. ધનસુરા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન વડાગામના બોરવાઈ નજીકથી એક્ટિવા પર થેલામાં બીયરના ૪૨ ટીન ભરી પસાર થતા મોડાસા તાલુકાના સાકરીયા ગામના વિક્કી છબીલદાસ જયસ્વાલ નામના બુટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા પીએસઆઈ પી.ડી. રાઠોડ અને તેમની ટીમે પ્રોહિબિશનની કામગીરી માટે શક્ય કાર્યવાહી હાથ ધરી છે. પીએસઆઈ રાઠોડને વડાગામ નજીક આવેલા બોરવાઈ ગામ પાસેથી એક્ટિવામાં એક યુવક વિદેશી દારૂ ભરી પસાર થવાનો હોવાની બાતમી મળતા બોરવાઈ ગામ નજીક વોચ ગોઠવી બાતમી આધારિત એક્ટિવા પસાર થતા અટકાવી તલાસી લેતા થેલામાં

બિયર ટીન નંગ-૪૨ કીં. રૂ.૪૨૦૦નો જથ્થો મળી આવતા એક્ટિવા ચાલક વિક્કી છબીલદાસ જયસ્વાલ (રહે, પોસ્ટ ઓફિસવાળું ફળિયુ, સાકરીયા)ને ઝડપી લઈ એક્ટિવા, મોબાઈલ, રોકડ રકમ અને બીયરટીન મળી કુલ રૂ.૩૪૭૬૦નો મુદામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠા જિલ્લા યુવા-મોરચાના ૯૫ કાર્યકર્તાઓ અબડાસા વિધાનસભામાં ચૂંટણી પ્રચારમાં જશે

વડગામ, તા. ૧૪

ગુજરાત રાજયની વિધાનસભાની પેટા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે અને

ઉમેદવારો પણ નક્કી થઈ ગયા છે ત્યારે ચૂંટણી પ્રચાર પણ પુર જોશમાં ચાલી રહ્યો છે. આ ચૂંટણી પ્રચારમાં જોડાઈ અબડાસા વિધાનસભાનું કમળ ગાંધીનગર મોકલવા માટે થઈને બનાસકાંઠા જીલ્લા યુવા ભાજપની ૯૫ કાર્યકર્તાની ટીમ સક્રિય રીતે ત્રણ દિવસીય ડોર ટુ ડોર કેમ્પેઈંગમાં અબડાસા જઈ કામ કરશે.

આ કામગીરી અને જીલ્લા પંચાયત તાલુકા પંચાયત સીટ દીઠ કામની વહેચણી સંદર્ભે આજરોજ બનાસકાંઠા જીલ્લા યુવા મોરચાના અધ્યક્ષ હરેશભાઈ એચ. ચૌધરીની ઉપસ્થિતિમાં ડીશા મુકામે આજરોજ બનાસકાંઠા જીલ્લા યુવા મોરચાની મીટીંગ મળી હતી. જેમાં ત્રી દિવસીય ૧૭ સપ્ટેમ્બર થી ૧૯ સપ્ટેમ્બર સુધી અબડાસા વિધાનસભાની ૬ જીલ્લા પંચાયત સીટો પર બનાસકાંઠા જીલ્લા યુવા-મોરચાના ૯૫ કાર્યકર્તા જે અબડાસા વિધાનસભાના પ્રચાર પ્રસારમાં જવાના છે એમની કામગીરી સંદર્ભે આજરોજ આ બેઠકમાં જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત સીટોની વહેચણી કરવામાં આવી હતી. આ દરેક કાર્યકર્તાઓને બનાસકાંઠા જીલ્લા યુવા મોરચાના અધ્યક્ષ હરેશભાઈ ચૌધરીએ માર્ગદર્શિત કર્યા હતા. આ બેઠકમાં જીલ્લા યુવા-મોરચાના મહામંત્રી રામસિંગ રાજપૂત, પ્રકાશ ઠાકોર તથા વિસ્તારક યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

મેઘતાંડવ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

બની હતી, જ્યાં સાત લોકો ઘરમાં હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તમામ ઘાયલ લોકોને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં બે મહિલાઓનાં મોત થયા હતા. હૈદરાબાદ લોકસભા સીટથી સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, ભારે વરસાદને કારણે બંદલાગુડાના મોહમ્મદિયા હિલ્સમાં દિવાલ પડવાને કારણે ૯ લોકોનાં મોત નિપજ્યા છે. તેઓએ કહ્યું કે, બાઉન્ડ્રી વોલ પડતાં ૯ લોકોનાં મોત નિપજ્યા તો ૨ લોકોને ઈજા પહોંચી છે. નોંધનીય છે કે, બંગાળની ખાડીમાં ઊભા થયેલા નીચા દબાણનું ક્ષેત્ર સોમવારે ભારે દબાણમાં પરિવર્તિત થયું હતું. તેના કારણે ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગએ આંધ્ર પ્રદેશ, ઓડિશા સહિત આસપાસના અન્ય રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી હતી. તેલંગાણામાં પણ ભારે વરસાદનો કહેર ચાલુ છે.

૧૪ મહિના બાદ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલ્લાહ તમારી રક્ષા કરે. મહેબુબાની અટકાયત કરાયા પછી ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૯થી ઇલ્તિજા તેમના ટ્વિટર એકાઉન્ટથી ટ્વિટ કરતી હતી. ઉલ્લેખનીય છે કે લગભગ એક વર્ષ કરતા વધારે સમયથી નજરબંદ મહેબુબા મુફ્તિના છોડાવવા માટે તેની પુત્રી ઇલ્તિજા સુપ્રીમ કોર્ટમાં પણ ગઈ હતી. ૨૯ સપ્ટેમ્બરે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે કેન્દ્ર જમ્મુ કાશ્મીરની પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તિને કેટલા સમય સુધી અને કયા આદેશથી અટકાયતમાં રાખવા માંગે છે. કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફ્રેન્સના નેતા ફારુક અબ્દુલા અને તેમના પુત્ર ઓમર અબ્દુલાની પણ પબ્લિક સેફ્ટી એક્ટ અંતર્ગત અટકાયત કરી હતી. આ વર્ષે ૧૩ માર્ચે ફારુક અબ્દુલાને અને ૨૪ માર્ચે ઉમર અબ્દુલાને છોડવામાં આવ્યા હતા.

ઈડીના દરોડા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિયા ચક્રવર્તી કે તેના પરિવાર સાથે થયા હોવાનું હજી સુધી બહાર આવ્યું નથી. આ તરફ સીબીઆઈ સુશાંતના મોત કેસની તપાસ ચલાવી રહી છે. તો એમ્સએ સુશાંતનો ઓટોપ્સી રિપોર્ટ આપ્યો છે, એક્ટરની હત્યા થઈ હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. એમ્સે સીબીઆઈને પોતાનો ફાઈનલ ફોરેન્સિક રિપોર્ટ આપી દીધો છે જેમાં સુશાંતનું મોત આત્મહત્યાના લીધે થયું હોવાનું કહેવાયું છે.

વધુ ૧૭ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. એક અર્બન વિસ્તારમાંથી અને એક ગ્રામ્ય વિસ્તારમં નોંધાયો છે. અર્બન વિસ્તારમાંથી ૫૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાલૈયા ગામેથી સરકારી નોકરી કરતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા તાલુકાના ચરાડા ગામેથી ૨૧ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલમાંથી આજે ૬ કેસ નોંધાયા છે જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ કલોલ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. કલોલના રામનગર ગામેથી ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સઈજ ગામેથી ૫૨ વર્ષીય પુરૂષ અને બાલવા ગામેથી ૪૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દઆખલ કરાયા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી ૮૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉપરાંત આજ વિસ્તારમાંથી ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જિલ્લામાં આજે ૧૬૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૦૯૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૪,૯૮૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

વધુ ૨૧ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૨૮ જીઆઈડીસીમાં વેપાર કરતા ૬૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૮ માં રહેતા અને સિની. ક્લાર્ક તરીકે જુના સચિવાલયમાં ફરજો બજાવતા ૪૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માં રહેતા અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટ તરીકે સરકારી ઈજનેરી કોલેજમાં ફરજો બજાવતા ૫૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૨૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં શહેરમાં અત્યાર સુધીમાં ૧૩૨૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

વડગામ તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ, અધ્યક્ષ અને સામાજિક ન્યાય સમિતિના

ચેરમેનની વરણીમાં તાલુકા ભાજપના આગેવાનોએ ભાજપનો જ ખેલ પાડ્યો

કોંગ્રેસમાંથી ચુંટાયેલા સદસ્યોને ઉપપ્રમુખ, અધ્યક્ષ અને ન્યાય સમિતિના ચેરમેનનો હોદ્દો આપ્યો : ભાજપના સદસ્યોને અન્યાય

વડગામ, તા. ૧૪

વડગામ તાલુકા ભાજપના કહેવાતા આગેવાનો દ્વારા તાલુકા પંચાયત પર કબજો મેળવવા કોંગ્રેસમાંથી ચુંટાયેલા સદસ્યોને ભાજપમાં ભેળવીને ભાજપના ચુંટાયેલા ત્રણ સદસ્યો સત્તાની લાલસામાં પક્ષમાંથી બળવો કરીને ભાજપ સાથે મળી જઈને ૨૦ વર્ષથી તાલુકા પંચાયત ઉપર કબ્જો જમાવનાર કોંગ્રેસની ભાજપની વિચારસરણી ધરાવતા લોકોમાં તરેહ તરેહની ચર્ચાઓ થઈ રહી હતી. જેમા લોકોમાંથી એવું પણ સાંભળવા મળ્યું હતું કે તાલુકા પંચાયત ભાજપની

ચુંટાયેલા સદસ્યોનો ભોગ લઈને વડગામ તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ, અધ્યક્ષ અને સામાજિક ન્યાય સમિતિની વરણી કરવામાં આવતા ભાજપના ચુંટાયેલા સદસ્યો લાલઘુમ થયા છે. તાલુકા પંચાયત મુદ્દે તાલુકાના આગેવાનો સામે ઉકળતા ચરૂ જેવી સ્થિતિ ઉભી થઈ છે.

વડગામ તાલુકા પંચાયતમાં ૨૦ વર્ષના વનવાસ વેઠ્યા બાદ ભાજપના આગેવાનો દ્વારા કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયત તોડવા માટેના પ્રયાસો કરાયા હતા. જેમા તાલુકા ભાજપના કહેવાતા આગેવાનોએ એક કાંકરે બે પક્ષી મારીને પોતાની સફળતા મેળવી હતી. કોંગ્રેસમાંથી ઈજ્જતને બટ્ટો લગાડ્યો હતો. તાલુકાના કહેવાતા ચાર આગેવાનોએ વડગામ તાલુકા પંચાયતમાં ચુંટાઈ આવેલા સદસ્યોને કદ પ્રમાણે વેતરીને તાલુકામાં પોતાનું જ પ્રભુત્વ જાળવી રાખ્યું છે. વડગામ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પદે કોંગ્રેસમાંથી આવેલા સવિતાબેન બેગડીયાને ઉપપ્રમુખ પદે બેસાડાયા છે. જયારે તાલુકા પંચાયતના અધ્યક્ષપદે કોંગ્રેસમાંથી નારાજ થયેલા નથ્થુજી ઠાકોરને તેમજ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પદે દાનીબેન વિરાભાઈ વણઝારાને બેસાડતાં વડગામ તાલુકા પંચાયતમાં ભારે હલચલ મચી ગઈ છે. તાલુકાના પ્રબુધ્ધ લોકો અને બનાવીને ભાજપે શું મેળવ્યું. ઉપપ્રમુખ, અધ્યક્ષ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન જેવા મહત્વના ઉદ્દા ઉપર તો કોંગ્રેસમાંથી આવેલા સદસ્યોને જ અપાયા છે. જયારે ભાજપના ચુંટાયેલા સદસ્યોને અન્યાય કરાયો છે. ત્યારે તાલુકા પંચાયતમાં ચુંટાયેલા સદસ્યોમાં તાલુકાના કહેવાતા આગેવાનો સામે રોષ પ્રગટ થઈ રહ્યો છે. તાલુકા પંચાયતના અધ્યક્ષ અને ન્યાય સમિતિના ચેરમેનની વરણીના દિવસે જ ભાજપના કેટલાક સદસ્યો તેમજ કાર્યકરો તાલુકા ભાજપ આગેવાનો સામે બળાપો વ્યક્ત કરતા સાંભળવા મળ્યા હતા અને તાલુકા ભાજપમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિ પેદા થવા પામી છે.

વૃક્ષોનું નિકંદન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રબળ બન્યો છે. આ માર્ગના રૂટમાં સંખ્યાબંધ વૃક્ષો હોવાછતા વનતંત્રને જાણ કર્યા વિના જ ખોદકામ કરી દેવાયુ હતુ. ગ માર્ગ પર ખોદકામ કરીને માટી અને મેટલ કામ કરી દેવાયુ છે. બીજીતરફ સ્થળ પર નડતરરૂપ વૃક્ષો હજુ જમીન પર ઉભા છે. ખાડામાં માટીના મુળિયા વચ્ચે વૃક્ષો જાણે લટકતી હાલતમાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જયારે હવે લાંબા સમયના અંતે સંબંધિત એજન્સીએ વનવિભાગ સમક્ષ વૃક્ષોના માર્કીંગ અને કટોતી માટે દરખાસ્ત કરી છે. જયારે હવે વનવિભાગ આ મામલે કેટલા વૃક્ષોની કટોતી મામલે માર્કીંગ કરશે. પાટનગરમાં જ રોડ એન્જિયરીંગના નિયમો નેવે મુકી સંબંધિત એજન્સી બિન્દાસ્ત રીતે કામ કરી રહી છે. જયારે કોર્પોરેશનના અધિકારીઓની મીઠી નજર હેઠળ જાણે કેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવશે તે અંગે પણ શરૂઆતના તબક્કામાં ચિત્ર સ્પષ્ટ થઈ શક્યુ ન હતુ. શહેરમાં વિકાસ કામોના નામે વૃક્ષોનુ નિકંદન વળી રહ્યુ છે. રસ્તાઓ નવા બની રહ્યા છે. ત્યારે હરિયાળી સામે ખતરો મંડરાયો છે. ગ માર્ગ પર પણ હરિયાળા વૃક્ષોનો સોથ વળશે તે પણ રોડ એન્જિયરિંગના નિયમોની ઐસી તૈસી કરીને વૃક્ષોની કટોતી માટે સજ્જ થયેલુ તંત્ર હવે વૃક્ષો પર કુહાડીના ઘા મારશે.

આંબલીયારા પોલીસે પેટ્રોલીંગ દરમિયાન આરોપીને ઝડપી પાડ્યો

બાયડ, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં દિન પ્રતિદિન અકસ્માત ઝોન બનતો જાય છે. દરરોજ નાના- મોટા અકસ્માતો બનતા હોય છે. જેમાં

નાની-મોટી ઈજા સહિત જાન ગુમાવવાના બનાવ પણ બનવા પામતા હોય છે. ત્યારે બાયડ તાલુકાના આંબલીયારા પોલીસે રાત-દિવસ પેટ્રોલીંગ કરી ઘનિષ્ઠ તપાસ અર્થે બાયડ તાલુકામાં જંત્રાકંપા નજીક હાઈવે પર ચારથી પાંચ દિવસ અગાઉ અકસ્માત સર્જાયો હતો જેમાં બોરમઠનો યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એમ. ડામોર તથા તેમની ટીમ બાયડ-દહેગામ રોડ પર જંત્રાકંપાના સ્ટેન્ડ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે અકસ્માત કરી રાત્રીના સમયે અકસ્માત સર્જાયો હતો. વાહન સાથે ચાલક ભાગી ગયેલ હતો. જેથી આંબલીયારા પોલીસે સી.સી.ટી.વી કેમેરાના ફુટેજો મેળવી તેમજ આજુબાજુના વિસ્તારમાં સઘન તપાસ કરતા માલસંગ દિપસંગ પરમાર (રહ